## ચાલ્યા ન કર

સાવ સૂનો પથ છે, ચાલ્યા ન કર;
મોત એક જ અંત છે, ચાલ્યા ન કર.

ક્યાંક તડકો, ક્યાંક થોડો છાંયડો,
ક્યાં કશે આનંદ છે? ચાલ્યા ન કર.

જ્યાં અને ત્યાં શું સુગંધી શોધતો?
પુષ્પમાં અકબંધ છે, ચાલ્યા ન કર.

ઝાંઝવામાં માછલાં હોતાં નથી,
રણ ખરેખર રંક છે, ચાલ્યા ન કર.

ખોળિયું ખાલી થયું 'ઈર્શાદ'નું,
શ્વાસ, નાહક તંગ છે! ચાલ્યા ન કર.

– ચિનુ મોદી 'ઈર્શાદ'

You Tube
Gujarat Sahitya Academy
સૂચિપત્ર ડાઉનલોડ કરવા સ્કેન કરો

ISBN : 978-93-93777-27-0
9 789393 777270
₹ 100/-

ગઝલભાવન શ્રેણી : પુસ્તક ૪ ચૂંટેલી ગઝલો ચિનુ મોદી 'ઈર્શાદ' 'નખની થઈ નિશાની' ચયન : અશોક ચાવડા 'બેદિલ'

ગઝલભાવન શ્રેણી : પુસ્તક ૪

# ચૂંટેલી ગઝલો
# ચિનુ મોદી 'ઈર્શાદ'
## 'નખની થઈ નિશાની'

ચયન
અશોક ચાવડા 'બેદિલ'

ગુજરાત સાહિત્ય અકાદમી